નં/સ્ટેમ્પ/કયદ/પર૬/૨૦૦૫ / ૨૨-૨૩

સુપ્રી.ઓફ.સ્ટેમ્પસશ્રીનીકચેરી
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩- સી "ખ" રોડ,
ગાંધીનગર
તારીખ-/૩/૨૦૦૬

**વંચાણમાં લીધુ :** મુંબઈ સ્ટેમ્પ ( ગુજરાત સુધારા ) વિધેયક -૨૦૦૬
( વિધેયક નં.૧૯ સને ૨૦૦૬ )

## પરિપત્ર :-

રાજ્ય સરકારે મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા ) વિધેયક ૨૦૦૬ ( વિધેયક નં. ૧૯ સને ૨૦૦૬ )(નકલ સામેલ છે. ) અન્વયે અધિનિયમની જોગવાઈઓ તથા સ્ટેમ્પ ડયુટીના દરોમાં નીચે મુજબના સુધારા કરેલ છે. સદર સુધારેલ જોગવાઈઓ તથા સ્ટેમ્પ ડયુટીના દર તા. ૧-૪-૨૦૦૬ થી અમલમાં આવશે.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ૧૯૫૮ ની અનુસુચિ-૧ ના જે આર્ટીકલોના દરોમાં ફેરફાર થયેલ છે અને સુધારેલ દરો તા. ૧-૪-૨૦૦૬ થી અમલમાં આવનાર છે તે અત્રેથી વિગતો દર્શાવતા પત્રક -૧,૨ અને ૩ આ સાથે સામેલ રાખેલ છે.

**(૧) અધિનિયમની કલમોમાં સુધારા:**

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ-૪,૫, અને ૨૯ માં જેમાં સ્ટેમ્પ ડયુટીનો દર રૂ. ૮/- રૂ. ૧૦/- હતો તેમાં સુધારો કરીને રૂ. ૧૦૦/- નો દર ઠરાવવામાં આવેલ છે.

**(૨) અધિનિયમની અનુસુચિ-૧ ના સ્ટેમ્પ ડયુટીના દરમાં સુધારા**

**૧. આર્ટીકલ-૨૦ માલિકી ફેરખત (વેચાણ )**

માલિકી ફેરખત (વેચાણ ) ના આર્ટીકલ-૨૦ (ક) તથા ૨૦ (ખ) માં સ્ટેમ્પ ડયુટીનો દર ૬ % ઠરાવેલ હતો. આ ૬ % નો દર તા. ૧-૪-૨૦૦૬ થી ઘટાડીને ૪.૨૫ % નો ઠરાવવામાં આવેલ છે.

અધિનિયમની અનુસુચિ-૧ માં જણાવેલ જે લેખોમાં માલિકી ફેરખતનાં આર્ટીકલ-૨૦ મુજબનો સ્ટેમ્પ ડયુટીનો દર લાગું પડે છે તેવા નીચે જણાવેલ લેખો સંબંધમાં પણ હવે તા. ૧-૪-૨૦૦૬ થી ૪.૨૫ ટકાનોદર લાગું પડશે.

| | | |
|---|---|---|
| (૧) | આર્ટીકલ - ૧૭ | વેચાણનું પ્રમાણપત્ર |
| (૨) | આર્ટીકલ- ૨૦ | મિલકત વિનિમય લેખ |
| (૩) | આર્ટીકલ- ૨૭ | ફરર્ધર ચાર્જ |
| (૪) | આર્ટીકલ- ૨૮ | બક્ષીસ |
| (૫) | આર્ટીકલ- ૩૦ | ભાડાપટ્ટો |
| (૬) | આર્ટીકલ- ૩૬ | ગીરોખત |
| (૭) | આર્ટીકલ- ૪૪ (૩) (ક) | ભાગીદારી છુટી થવાનો લેખ |
| (૮) | આર્ટીકલ- ૪૫ (એફ) | પાવર ઓફ એટર્ની (અવેજ સાથે ) |
| (૯) | આર્ટીકલ- ૫૨ | વ્યવસ્થાપતત્ર |
| (૧૦) | આર્ટીકલ- ૫૭ | ટ્રાન્સફર ઓફ લીઝ |

p m makwana

//૨//

કલમ–૩ –ક ની જોગવાઈ અન્વયે ૪૦ % લેખે વધારાની ડયુટી ગણતાં ઉકત લેખોમાં સ્ટેમ્પ ડયુટીનો કુલ દર ૫.૯૫ ટકાનો થશે.

**(૩) ડીપોઝીટ ઓફ ટાઈટલ ડીડ / ઈકવીટેબલ મોર્ગેજ ,હાઈપોથીકેશન,( આર્ટીકલ–૬ ), બોન્ડ ( આર્ટીકલ– ૧૪ ) , ફરધંર ચાર્જ ( આર્ટીકલ– ૨૭) ,ગીરોખત (આર્ટીકલ–૩૬), નોંધ અથવા ઉતારો ( આર્ટીકલ–૪૦) (પત્રક – ૩ જોવા વિનંતી )**

ઉપરોકત વિવિધ પ્રકારના ધિરાણના લેખો ઉપર સ્ટેમ્પ ડયુટીનો દર રૂા. ૧૦ કરોડ સુધીની લોન માટે ૦.૨૫ ટકા ( મહત્તમ રૂા. ૧ લાખ ) રૂા. ૧૦ કરોડથી વધું રકમ માટે ૦.૫૦ ટકા (મહત્તમ રૂા. ૩ લાખ) નો દર તા. ૧–૪–૨૦૦૬ થી કરવામાં આવેલ છે.

**(૪) વહેંચણીનો લેખ : ( આર્ટીકલ–૪૩ )**

કૌટુંબિક મિલકતની વહેચંણીના લેખ ઉપર સ્ટેમ્પ ડયુટીનો દર રૂા. ૧૦ કરોડ સુધી ૦.૨૫ ટકા ( મહત્તમ રૂા. ૧ લાખ ) અને રૂા. ૧૦ કરોડથી વધું રકમ હોય તો ૦.૫૦ ટકા ( મહત્તમ રૂા. ૩ લાખ) નો દર તા. ૧–૪–૨૦૦૬ થી કરવામાં આવેલ છે.

**(૫) લગ્ન નોંધણી : ( આર્ટીકલ – ૩૪)**

લગ્ન નોંધણીના લેખોમાં સ્ટેમ્પ ડયુટીનો દર રૂા. ૨૫૦/– થી ઘટાડીને રૂા. ૧૦૦/– નો તા. ૧–૪–૨૦૦૬ થી કરવામાં આવેલ છે.

**(૬) એફીડેવીટ : નોટરીનું લખાણ :( આર્ટીકલ– ૪)**

એફીડેવીટ તથા નોટરીનાં લેખોમાં હાલનો રૂા. ૨૦/– નો દર યથાવત રાખવામાં આવેલ છે.

આ સાથે વિધેયક નં. ૧૯ સને ૨૦૦૬ ની નકલ સામેલ રાખેલ છે. તો તેની વિગતપૂર્ણ અભ્યાસ કરવા અને આ પરિપત્રમાં આપેલ માર્ગદર્શનનો ચુસ્તતાથી અમલ કરવા આથી તમામ નોંધણી અમલદાર/નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર ના સંબંધિત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને જણાવવામાં આવે છે. આ બાબતે દરેક ડેપ્યુટી કલેકટર સ્થાનિક આઈ.આર કે સબ રજીસ્ટારે અમલ અગાઉ મીટીગ કરી તેના અમલનું આયોજન વ્યવસ્થિત થાય તેવી ગોઠવણ કરે.

સદર પરિપત્ર મળ્યાની પહોંચ દિન–૭ માં અચુક મોકલી આપવા પણ આથી જણાવામાં આવે છે. આ બાબતને સ્થાનિક વર્તમાન પત્રો માં પણ બહોળી પ્રસિધ્ધિ અપાવી તેમજ નોટીસ બોર્ડ પર પણ પ્રસિધ્ધ કરવી.

સહી/–
( વી.વાય.વ્યાસા )
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ
અને
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય,ગાંધીનગર

બિડાણ:– અધિનિયમની નકલ

પ્રતિ,
નોંધણી અમલદારશ્રી (તમામ)

//૩//

**નકલ સવિનય રવાના:**

(૧) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, હ–૧ શાખા સચિવાલય,ગાંધીનગર
(૨) કલેકટરશ્રી (તમામ) તરફ ઉકત વિગતે જાણ તથા અમલ સારુ

નકલ રવાના: (૧) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમપસ,ગાંધીનગર
(૨) નાયબ સુપ્રિ.ઓફ. સ્ટેમપ્સ, ગાંધીનગર
(૩) ~~નાયબ~~ નોંધણી સર નિરીક્ષકશ્રી,ગાંધીનગર તરફ (૨૦૦ નકલો સાથે ) તમામ નોંધણી નિરીક્ષકશ્રી, નોંધણી અમલદારરીઓને જાણ કરવા સારુ
(૪) રહસ્ય સ્ચવશ્રી, સુપ્રિ.ઓફ સ્ટેમ્પસની કચેરી,ગાંધીનગર
(૫) નાયબ કલેકટરશ્રી (તમામ) સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર ની કચેરી
(૬) આસી.સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ્સ,અમદાવાદ
(૭) ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પ્સ સ્ટેમ્પ /મુલ્યાંકનતંત્ર
(૮) ડે.આસી.સુપ્રિ.ઓફ સ્ટેમ્પસ, સ્ટેમ્પ /મુલ્યાંકન તંત્ર
(૯) હિસાબી અધિકારીશ્રી ,સ્ટેમ્પ મુલ્યાંકન તંત્ર
(૧૦) એસ.ઓ.ફાઈલ
(૧૧) તમામ શાખાઓ

રવાના કર્યુ

અધિક સુપ્રી.ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય,ગાંધીનગર

p m makwana

# પત્રક – ૧

| આર્ટીકલ નંબર | લેખની ટૂંકી વિગત | હાલનો દર | તા.૧–૪–૦૬ થી અમલમાં આવેલ નવો દર |
|---|---|---|---|
| ૧ | દેવાની પહોંચ | ૦.૫૦ પૈસા | શૂન્ય |
| ૫ (ક) | કરાર– વિનિયમ પત્રના વેચાણ સંબંધી | ૦.૫૦ પૈસા | શૂન્ય |
| ૩૯(ચ) | ચીઠ્ઠી– અથવા યાદી | ૦.૫૦ પૈસા | શૂન્ય |
| ૫૪ | શિપીંગ ઓર્ડર | ૦.૫૦ પૈસા | શૂન્ય |
| ૫૯ | માલ બાબતનું વોરંટ | ૧.૦૦ રુપિયો | શૂન્ય |
| ૨૧ | નકલ અથવા ઉતારો | ૨૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૪૧ | વહાણનાંમાસ્ટરે કરેલ નોટ ઓફ પ્રોટેસ્ટ | ૨૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૪૬ | બિલ ઓફ પ્રોટેસ્ટ | ૨૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૪૭ | વહાણનાંમાસ્ટરનો પ્રોટેસ્ટ | ૨૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૩ | દત્તક પત્ર | ૫૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૫(ઝ) | કરાર–બીજી કોઈ જોગવાઈ ન હોય તો | ૫૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૧૧ | એપ્રેન્ટીસશીપ ડીડ | ૫૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૧૬ | રદ કરવાનો લેખ | ૫૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૨૨ | સામો લેખ/ બીજી નકલ | ૫૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૩૩ | લાયસન્સ પત્ર | ૫૦ .૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૫૬(બી) | તબદીલી–ડીબેન્ચર સિવાયની જામીનગીરી | ૫૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૩૨ | બાંહેધરી પત્ર | ૬૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૪૪(૨)(ખ) | ભાગીદારી ફેરફારનો લેખ | ૨૦૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૪૪(૩)(ખ) | ભાગીદારીનું વિસર્જન– બીજા કોઈ પ્રસંગે | ૨૦૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૯(ખ) | સત્તા વપારીને કરેલ નિમણૂંક ( જંગમ/સ્થાવર મિલકતની) | ૨૦૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૩૪ | લગ્ન નોંધણી | ૨૫૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૨૫ | છુટા છેડા બાબતનો લેખ | ૫૦૦.૦૦ રુપિયા | રૂ.૧૦૦ |
| ૩૫(ક) | કંપનીનું મેમો. ઓફ એસોસીએશન | ૧૦૦૦.૦૦ રુપિયા | ૧૦૦ |
| ૨,૧૦,૨૩ | સામાન્ય સ્વરુપના કરાર/જામીનગીરી પ્રકારના લેખો | ૪ % ( રૂ. ૪૦ થી રૂ.૧૦૦/– મહત્તમ) | રૂ.૧૦૦ |
| ૧૩,૨૯,૪૮,૪૯ ૫૧,૫૨,૫૬,૫૮ | સામાન્ય સ્વરુપ ના કરાર/જામીનગીરી પ્રકારના લેખો | ૬ % (રૂ.૨૦ થી રૂ. ૧૦૦/– મહત્તમ ) | રૂ.૧૦૦ |

૨૮૩૦૬
p m makwana

<u>પત્રક–૨</u>

| આર્ટીકલ નંબર | લેખની ટૂંકી વિગત | હાલનો દર | તા.૧–૪–૦૬થી અમલમાં આવેલ નવો દર |
|---|---|---|---|
| ૫(બી) થી (જી) ૩૯(એ)(બી)(સી)(ડી)(એફ) | શેર જામીનગીરી તથા કોમોડીટીઝ | (૧) ૦.૦૦૭ થી ૦.૦૨ (મુલ્ય આધારિત ) (૨) ૧૦ પૈસાથી રૂ. ૨.૨૫ પૈસા ( જથ્થા આધારિત) | રૂ.૧૦,૦૦૦/– કે તેના ભાગ દીઠ એક રુપિયો |
| ૧૮ | શેરનું પ્રમાણપત્ર | રૂ. ૨.૦૦ | રૂ.૧,૦૦૦/– કે તેના ભાગ દીઠ એક રુપિયો |
| ૩૧ | શેર ફાળવણીપત્ર | રૂ.૨–૦૦ | |
| ૨૪ | ડીલીવરી ઓર્ડર ઓફ ગુડઝ | રૂ. ૨૦.૦૦ | |
| ૫(જ,ખ) | જાહેરાત સંબંધી કરારો | ૦.૨૫ ટકા ( મહત્તમ રૂ. ૨૫૦૦૦ ) | ૦.૫ ટકા ( મહત્તમ રૂ. ૩ લાખ) |
| ૧૨ | આર્ટીકલ ઓફ એસોસીએશન | ૦.૧૫ ટકા (લઘુત્તમ રૂ. ૧૦૦૦/– અનેમહત્તમ રૂ. ૫ લાખ ) | ૦.૫ ટકા (મહત્તમ રૂ. ૫ લાખ ) |
| ૩૫ | મેમો.ઓફ એસોસીએશન | ૦.૧૫ ટકા (લઘુત્તમ રૂ. ૧૦૦૦/–અને મહત્તમ રૂ. ૫ લાખ ) | |
| ૪૨(ક) | નાણાં ચુકવણીનો ઓર્ડર | ૦.૧ ટકા | ૦.૫ ટકા |
| ૩૭ (ક) | પાકનો ગીરોખત | ૦.૨૫ ટકા | |
| ૪૪(૧) | પાર્ટનર શીપ ડીડ | ૧.૦ ટકા ( લઘુત્તમ રૂ. ૫૦૦/– મહત્તમરૂ. ૫૦૦૦/– | ૧.૦% (મહત્તમ રૂ. ૧૦,૦૦૦/–) |
| ૨૦(ઘ) | એમાલ્ગમેશન ઓર્ડર | ૦.૭૫ ટકા | ૧.૦%(મહત્તમ રૂા.૧૦ કરોડ) |
| | [illegible] મુદત માટે | ૩ ટકા | ૨ ટકા |

**પત્રક—૩**

| આર્ટીકલ નંબર | લેખની ટૂંકી વિગત | હાલનો દર | તા.૧—૪—૦૬ થી અમલમાં આવેલ નવો દર |
|---|---|---|---|
| ૬(૧) | ડીપોઝીટ ઓફ ટાઈટલ ડીડ | (ક) રૂા. ૧૫ લાખની લોન સુધી ૦.૫ ટકા<br>(ખ) રૂા.૧૫ લાખથી વધુ ૧.૦ ટકા (મહત્તમ રૂા. ૧ લાખ) | (૧) રૂા. ૧૦ કરોડ સુધીની લોન માટે ૦.૨૫ ટકા (મહત્તમ રૂા. ૧ લાખ)<br>(૨) રૂા. ૧૦ કરોડથી વધુ રકમની લોન માટે ૦.૫ ટકા (મહત્તમ મર્યાદા રૂા. ૩ લાખ) |
| ૪૦ | ડીપોઝીટ ઓફ ટાઈટલ ડીડની નોંધ | (ક) રૂા. ૧૫ લાખની લોન સુધી ૦.૫ ટકા<br>(ખ) રૂા. ૧૫ લાખથી વધુ ૧.૦ ટકા (મહત્તમ રૂા. ૧ લાખ) | |
| ૬(૨) | હાઈપોથીકેશન (જંગમ મિલકતનો ગીરો) | રૂા. ૫ લાખની લોન સુધી શૂન્ય<br>રૂા. ૫ લાખથી વધુ માટે ૦.૨ ટકા (મહત્તમ રૂા. ૨ લાખ) | |
| ૩૬(ખ)(૧) | કબજા વિનાનો ગીરો<br>રહેણાંક હેતુની લોન માટે | રૂા. ૧૫ લાખની લોન સુધી ૦.૫ ટકા<br>રૂા. ૧૫ લાખથી વધુ ૧.૦ ટકા (મહત્તમ રૂા. ૨ લાખ) | |
| ૩૬(ખ)(૨) | કબજા વિનાનો ગીરોખત<br>રહેણાંક સિવાયના હેતુની લોન માટે | ૨ ટકા (મહત્તમ મર્યાદા રૂા. ૨ લાખ) | |
| ૨૭(ખ)(૨) | કબજા વિનાનુ ફર્ધર ચાર્જ (રહેણાંક સિવાય) | ૨ ટકા (મહત્તમ મર્યાદા રૂા. ૨ લાખ) | |
| ૨૭(ગ) | કબજા વિનાનું ફર્ધર ચાર્જ રહેણાંક સંબંધી લોન માટે) | રૂા. ૧૫ લાખની લોન સુધી ૦.૫ ટકા<br>રૂા. ૧૫ લાખથી વધુ ૧.૦ ટકા (મહત્તમ રૂા. ૧ લાખ) | |
| ૧૪,૧૫, ૪૨(બી),<br>૪૩,<br>૫૦,૫૨(ક)(૧) ૫૩ | સામાન્ય પ્રકારના બોન્ડ<br>વહેંચણી,<br>વ્યવસ્થાપત્ર | ૬ ટકા | |